સ્વાશ્રયી મહિલા સેવા સંઘ

# SELF EMPLOYED WOMEN'S ASSOCIATION (SEWA)

પ્રતિ,
જીવરાજ બીડી વર્કસ,
ગોમતીપુર,
અમદાવાદ.

તા. ૧૦/૭/૮૯

<u>આવેદન પત્ર</u>

મહાશય,

અમે આપને ત્યાં વર્ષોથી બીડી વાળનાર તરીકે પ્રમાણિકતાથી અને નિષ્ઠાપૂર્વક કામ કરીએ છીએ.

અમને આખા દિવસની ૧૦ કલાકની મજુરી બાદ અને ૧૦૦૦ બીડીનું લઘુતમ વેતન રૂ. ૧૯.૯૦ હોવા છતાં અમને ફક્ત રૂ. ૮ થી ૧૦ રૂ. જ મળે છે. આ ઉપરાંત અમને ઝુકા (તમાકુ) પ્રમાણમાં ઓછું મળવાથી અને પત્તા ખરાબ ગુણવત્તાના હોવાથી અમારી લગભગ ૧૦૦ થી ૨૦૦ બીડી છાંટ કરવામાં આવે છે. આથી અમને મળતી મજુરી વધુ ઘટી જાય છે. આ ઉપરાંત અમને બીજા કોઈપણ મજુર કાયદાઓનો જેવા કે બોનસ, પી.એફ. હક્ક રજા, માંદગી રજા, પ્રસુતિ રજા વિગેરેનો લાભ મળતો નથી.

અમારી આપની સમક્ષ માંગ છે કે :

૧. અમને ૧૦૦૦ બીડીએ રૂ. ૨૧/- મજુરી મળવી જોઈએ,
૨. અમારી બીડીની છાંટ બંધ થવી જોઈએ,
૩. અમને સારી ગુણવત્તાવાળા પત્તા અને પૂરતા પ્રમાણમાં તમાકુ મળવું જોઈએ,
૪. અમને દર વર્ષે ૨૦% બોનસ મળવું જોઈએ,
૫. અમારું પી.એફ. કપાવું જોઈએ,
૬. અમને વર્ષમાં ૩૦ દિવસ પગાર સહિત હક્ક રજા મળવી જોઈએ,
૭. અમને વર્ષમાં ૧૫ દિવસ પગાર સહિતની માંદગી રજા મળવી જોઈએ,
૮. અમને વર્ષમાં ૧૫ દિવસ આકસ્મિક રજા મળવી જોઈએ,
૯. અમને પગાર સહિત ૪૫ દિવસની પ્રસુતિ રજા મળવી જોઈએ.

Tel. 390577
390329

પ્રધાનમંત્રી : શ્રી ઇલા આર. ભટ્ટ
General Secretary : ELA R. BHATT
Sewa Reception Centre, Opp. Victoria Garden
Bhadra, Ahmedabad-380001.